**ફોજદારી કેસ નં.૩૫૫૧૫/૨૦૦૫**

**આંક–૧ નીચે હુકમ**

તહોમતદાર ઉદેસિંહ મગનભાઈ પરમાર, રહે. શ્રી દત રોડ લાઈન્સ, રૂપમ સિનેમા પાસે, વડોદરા, મુળ ચંદ્રનગર, નિશાળ ફળીયા, તા. ઘોઘંબા, જી. પંચમહાલ વાળા સામે ઈ.પી.કો.કલમ ૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ ના ગુન્હાના તહોમત અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આ અદાલત ધ્વારા આરોપી હાજર ન રહેતા હોઈ અવાર નવાર સમંસ/પકડ વોરંટ તેના ચાર્જશીટમાં જણાવેલ સરનામા પર ઈસ્યુ કરી બજવણી અર્થે મોકલવામાં આવેલ છે. જે પ્રોસેસની લાંબા સમયગાળાથી આરોપી પર અમલવારી થઈ શકેલ નથી. હાલનો કેસ ૧૪ વર્ષ જુનો છે તથા આરોપી પર સમન્સ/પ.વો. ઘણા લાંબા સમયથી બજી શકતું નથી કે લાંબા સમયગાળાથી આરોપીને એક વાર પણ પોલીસ એજન્સી અદાલત સમક્ષ ઉપસ્થિત કરી શકેલ નથી. આમ પોલીસ એજન્સી આરોપીને આ અદાલત સમક્ષ હાજર રાખવામાં તદન નિષ્ફળ ગયેલ છે. સદર ગુન્હાની ગંભીરતા જોવામાં આવે તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો સદર કેસની ઈન્સાફી કાર્યવાહી સમંસ ટ્રાયેબલ પધ્ધતિથી થઈ શકે તેવા આક્ષેપો છે. વળી કેસનું રેકર્ડ જોતાં આરોપી પર ઘણા લાંબા સમયથી પ્રોસેસ ની બજવણી થઈ શકેલ નથી તેમજ હવે પછીના નજીકના ભવિષ્યમાં હાલના આરોપીની હાજરી ઉપલબ્ધ થઈ શકે તેવી કોઈ પરિસ્થિતિ જણાતી નથી.

ઉપરોકત સંજોગોને ધ્યાને લેતાં તેમજ ના.શ્રી ગુજરાત હાઈકોર્ટ ધ્વારા બહાર પાડવામાં આવેલ સરકયુલર નં.ડી/૨૯૧૭/૨૦૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ તેમજ પી.રામચંદ્રરાવ વિ.કર્ણાટક રાજય, એ.આઈ.આર.૨૦૦૨, સુ.કો., ૧૮૫૬ ના ચુકાદામાં તથા રેણુકા વિ. કર્ણાટક રાજય, ૨૦૦૯, ક્રી.લો.જરનલ ૨૨૪૫ના ચુકાદામાં નામદાર એપેક્ષ કોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંત લક્ષ્ય પર લેતાં આરોપી વિરૂધ્ધના સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૮ તળે બંધ કરવી યોગ્ય અને ન્યાયીક જણાતું હોઈ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

ઉદેસિંહ મગનભાઈ પરમાર સામેની આ કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૩/૭/૨૦૧૯ ના રોજની નેશનલ લોક અદાલતમાં જાહેર થયેલ સ્પેશીયલ સીટીંગમાં કરવામાં આવ્યો.

તા.૧૩/૭/૨૦૧૯
વડોદરા

**(સુશીલ ભગવંતરાય ભટ્ટ)**
૧૨મા અધિક સિની. સિવિલ જજ અને
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
**JUDGE CODE : GJ-00857**